# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૮ તા.૨૫-૧૧-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ અંગેની બાયસેગ દ્વારા સમજ આપવા બાબત.

સંદર્ભ :- પત્ર ક્રમાંક : ૫૮૬૦-૫૯૧૫ તા.૨૫-૧૧-૨૦૨૧ ગુ.રા. શાળા પાઠયપુસ્તક મંડળનો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઓનલાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ દ્વારા વિના મુલ્યે પાઠયપુસ્તકોની માંગણી શાળાકક્ષાએથી સ્વીકારશે તેથી શાળાઓએ પોતાના UDISE કોડથી gsbstb.online વેબસાઈટ પર તા.૨૯-૧૧-૨૦૨૧ થી ૧૫-૧૨-૨૦૨૧ ૨૩.૫૯ કલાક સુધીમાં ઓનલાઇન માંગણી કરવાની રહેશે.

ઓનલાઈન પાઠયપુસ્તકોની માંગણી કરવાની કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરી શકે તે અંગેનું માર્ગદર્શન આપવા તા.૩૦-૧૧-૨૦૨૧ સવારે ૧૧-૦૦ કલાકે બાયસેગના માધ્યમથી ટેલીકોન્ફરન્સમાં જોડાવવા જણાવવામાં આવે છે. વધુ માહિતી gsbstb.online વેબસાઈટ પરથી મેળવી શકાશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૫-૧૧-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

"વિદ્યાયન", સેક્ટર-10-એ, ગાંધીનગર-382010.

પત્રક્રમાંકઃ ૫/૬૦ -૫૯-૧૫
તારીખઃ 25 NOV 2021

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ.
- શાસનાધિકારીશ્રી,
  નગર શિક્ષણ સમિતિ, તમામ.

**વિષયઃ** ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ અંગેની BISAG દ્વારા સમજ આપવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર **શૈક્ષણિક વર્ષઃ 2022-23** માટે **ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ** દ્વારા વિના-મુલ્યના પાઠ્યપુસ્તકોની માંગણી શાળા કક્ષાએથી સ્વીકારશે. રાજ્યની સરકારી, અનુદાનિત, કે.જી.બી.વી., મોડેલ સ્કુલ અને આશ્રમશાળાઓએ પોતાના **UDISE** કોડથી **gsbstb.online** વેબસાઈટ પર ગત વર્ષે ઓન-લાઈન રજીસ્ટ્રેશન કરેલ છે. આ શાળાઓએ વિના-મુલ્યના પાઠ્યપુસ્તકોની માંગણી તા.29/11/2021 થી તા.15/12/2021, 23.59 કલાક સુધીમાં ઓન-લાઈન કરવાની રહેશે.

આપના જિલ્લા/નગરપાલિકાના તાબામાં આવતી ઉપરોક્ત શાળાઓ ઓન-લાઈન ઈન્ડેન્ટ સિસ્ટમમાં ઓન-લાઈન પાઠ્યપુસ્તકોની માંગણી કરવાની કામગીરી સમયમર્યાદા પુર્ણ કરી શકે તે અંગેનું માર્ગદર્શન આપવા માટે તા.30/11/2021, 11.00 કલાકે BISAG ના માધ્યમથી વિના-મૂલ્ય પાઠ્યપુસ્તકો મેળવનાર તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રી અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ઓને શાળામાં રહીને તા.30/11/2021, 11.00 કલાકે આ BISAG ટેલિ-કોન્ફરન્સમાં જોડાવવાની સુચના આપવા આથી આપશ્રીને જાણ કરવામાં આવે છે.

વધુમાં, ઉપરોક્ત તમામ કામગીરી અંગેની સુચનાઓ gsbstb.online વેબસાઈટ પરથી મેળવી શકાશે.

નિયામક
ગુ.રા.શા.પા.પુ.મંડળ,
ગાંધીનગર

સવિનય નકલ રવાના જાણ સારુઃ
- માન.સચિવશ્રી, બ્લોક નં.5, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સેક્ટર-17, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.12/1, ડૉ.જે.એમ.ભવન,ગાંધીનગર.

GS
BS
TB
IT